વ્યાજદર ફરીથી વધવાના સ્પષ્ટ સંકેત

વ્યાજદરમાં ૦.૨૫ ટકાનો વધારો થઈ શકે : હવે આરબીઆઈની ૧૮મીએ જારી થતી નાણાંકીય નીતિ સમીક્ષા પર નજર : વેપારી નિષ્ણાંતોમાં ચર્ચાનો દોર શરૂ

નવી દિલ્હી,તા.૧૩

અર્થતંત્રની નબળી હાલત વચ્ચે રિઝર્વ બેંક વ્યાજદરમાં ફરી એકવાર વધારો કરી શકે છે. સામાન્ય લોકો માટે આ નિરાશાજનક સમાચાર છે. કારણ કે આનાથી તમામ પ્રકારની લોન વધારે મોંઘી થશે. આરબીઆઈ ૧૮મી ડિસેમ્બરના દિવસે નાણાંકીય નીતિ સમીક્ષા જારી કરનાર છે. છેલ્લી બે નાણાંકીય નીતિ સમીક્ષામાં દરેક વખતે રિઝર્વ બેંકે રેપોરેટમાં ૦.૨૫ ટકાનો વધારો કર્યો છે. આ વખતે પણ આવી જ સ્થિતિ ઊભી થઈ રહી છે. આગામી સપ્તાહમાં નાણાંકીય નીતિ સમીક્ષામાં રિઝર્વ બેંક વ્યાજદરમાં વધારો કરી શકે છે. સરકારને હાલમાં જ બેવડો ફટકો પડ્યો છે. રિટેલ ફુગાવો નવ મહિનાની ઊંચી સપાટી એટલે કે ૧૧.૨૪ ટકા સુધી પહોંચી ગયો છે. બીજી બાજુ ઈન્ડસ્ટ્રીયલ પ્રોડક્શન ગ્રોથ માઈનસ ૧.૧૮ ટકા રહ્યો છે. આનાથી વ્યાજદરમાં વધારો થવાનું ચિત્ર ઉપસી આવ્યું છે. ૩ મહિનાના ગાળા બાદ ઓક્ટોબર મહિનામાં ઈન્ડસ્ટ્રીયલ પ્રોડક્શન ઈન્ડેક્સ નેગેટીવ ઝોનમાં પહોંચી જતા સરકાર અને આરબીઆઈની ચિંતા વધી ગઈ છે. મેન્યુફેક્ચરીંગ, માઈનીંગ અને કન્ઝ્યુમર ડ્યુરેબલની સ્થિતિ ખૂબ જ નિરાશાજનક રહી છે. ફળફળાદી અને શાકભાજીની ઊંચી કિંમતના પરિણામ સ્વરૂપે નવેમ્બર મહિનામાં રિટેલ ફુગાવો ૧૧ ટકાથી ઉપર પહોંચી ગયો છે.

ફુગાવા અંગે આરબીઆઈના ગવર્નર રઘુરામ રાજન કહી ચૂક્યા છે કે ચીજવસ્તુની માંગ અને પુરવઠા વચ્ચે સંતુલન જાળવવામાં નાણાંકીય નીતિની ભૂમિકા રહે છે. અર્થતંત્રની નબળી સ્થિતિ અંગે તમામ પાસે માહિતી છે પરંતુ મોંઘવારીના દબાણને નજર અંદાજ કરી શકાય નહીં. શેરબજાર ગુરુવારના દિવસે સતત ત્રીજા દિવસે મંદી સાથે બંધ રહ્યા હતા. હાયર રિટેલ ઈન્ફલેશન અને અમેરિકી ફેડરલ રિઝર્વના રાહત પેકેજ પરત લેવાના ભયથી બજારમાં નબળી સ્થિતિ પ્રવર્તી રહી છે. વ્યાજદરને લઈને વેપારી નિષ્ણાંતોમાં જોરદાર ચર્ચા ચાલી રહી છે. કોંગ્રેસના નેતૃત્વમાં યુપીએની સરકાર લોકસભાની ચૂંટણી પહેલા મોંઘવારીને ઘટાડવા અને અર્થતંત્રમાં નવા પ્રાણ ફૂંકવાની આશા કરી રહી હતી. સપ્ટેમ્બરના ત્રિમાસિક ગાળામાં જીડીપી ગ્રોથ ૪.૮ ટકા હતો. જૂનના ત્રિમાસિક ગાળામાં આનો આંકડો ૪.૪ ટકા હતો .

રાજસ્થાનના મુખ્યમંત્રી તરીકે વસુન્ધરાની શપથવિધિ કરાઈ

જયપુર,તા. ૧૩

વિધાનસભાની ચૂંટણીમાં પ્રચંડ બહુમતિ મેળવી લીધા બાદ આજે વસુંધરા રાજેએ રાજસ્થાનના મુખ્યમંત્રી તરીકે બીજી વખત શપથ લીધા હતા. રાજ્યપાલ આલ્વાએ રાજેને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. શપથવિધિ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભાજપના ટોચના નેતાઓ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. શપથ કાર્યક્રમ દરમિયાન જુદાજુદા ગીતો પણ વાગતા નજરે પડ્યા હતા. ભૂતપૂર્વ મુખ્યપ્રધાન અશોક ગહેલોત પણ ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી વિશેષરીતે ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ રાજનાથસિંહ, વરિષ્ઠનેતા લાલકૃષ્ણ અડવાણી, અરૂણ જેટલી, સુષ્મા સ્વરાજ, મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ, છત્તીસગઢના મુખ્યમંત્રી રમણસિંહ સહિત ભાજપના નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. રાજેની શપથવિધિને લઈને છેલ્લા કેટલાક દિવસથી તૈયારી ચાલી રહી હતી. વસુંધરા રાજે બીજી વખત મુખ્યમંત્રી બન્યા છે. હાલમાં જ યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપની શાનદાર જીત થઈ હતી. કોંગ્રેસનો સંપૂર્ણ સફાયો થયો હતો. ભાજપની શાનદાર જીત બાદ સરકારની રચના કરવાની કવાયત હાથ ધરવામાં આવી હતી આના માટે હાલમાં ટોચના નેતાઓ પણ વ્યસ્ત હતા. હવે વસુંધરાની સાથે અન્ય પ્રધાનો પણ શપથ લે તેવી શક્યતા દેખાઈ રહી છે. ટૂંકમાં જ કેન્દ્રિય નેતાગીરી સાથે વાતચીત કર્યા બાદ અન્ય સભ્યોને પ્રધાનતરીકે શપથ લેવડાવાશે.

આમ આદમી પાર્ટી આજે વલણ સ્પષ્ટ કરશે

નવી દિલ્હી,તા. ૧૩

રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં સરકાર રચવાના પ્રયાસો હજુ પણ ચાલી રહ્યા છે. અનિશ્ચિતતાને દૂર કરવા માટે ભાજપ અને આમ આદમી પાર્ટી પર દબાણની સ્થિતિ છે. સરકાર રચવાના મુદ્દા પર આમ આદમી પાર્ટી થોડીક હળવી બની છે પરંતુ આમ આદમી પાર્ટી હજુ પણ આક્રમક મૂડમાં દેખાઈ રહી છે પરંતુ બાંધછોડ કરવા માટે તૈયાર દેખાઈ રહી નથી. આમ આદમી પાર્ટીના વરિષ્ઠનેતા યોગેન્દ્ર યાદવે આજે પત્રકારો સાથે વાતચીત કરતા જણાવ્યુ હતુ કે દિલ્હીના લેફ્ટી ગવર્નર નજીબ જંગ સાથે આવતીકાલે વાતચીત કર્યા બાદ જ દિલ્હીમાં સરકારની રચના કરવા અંગે પક્ષ તેનું વલણ સ્પષ્ટ કરશે. યાદવે કહ્યુ હતુ કે આજે લેફ્ટી ગવર્નર પાસેથી વિધિવત આમંત્રણ અમને મળ્યુ છે. આવતીકાલે સવારે ૧૦.૩૦ વાગ્યે લેફ્ટી ગવર્નરને મળીશું અને સરકાર રચવાના પાસા

પર ચર્ચા કરીશું. અરવિંદ કેજરીવાલ હાલમાં તાવના સકંજામાં હોવા છતાં તેઓ આવતીકાલે જંગને મળશે અને તેમની સ્થિતિ સ્પષ્ટ કરશે. અમારી પાસે પૂરતી સંખ્યામાં સભ્યો નથી અને સૌથી મોટી પાર્ટી પણ નથી તે અંગે સ્પષ્ટતા કરવા રાજ્યપાલને મળવામાં આવશે. યાદવે ઉમેર્યુ હતુ કે અમે કોઈ પણ પ્રકારની હોર્સ ટ્રેડિંગની પ્રવૃત્તિમાં પડવા માંગતા નથી. લેફ્ટી ગવર્નરને પત્ર સોંપ્યા બાદ પત્રકાર પરિષદ સમક્ષ આ જ પત્ર જારી કરવામાં આવશે. સરકારની રચના કરવા અંગે પક્ષના વલણ સંદર્ભમાં પૂછવામાં આવતા યાદવે કહ્યુ હતુ કે લેફ્ટી ગવર્નર સાથે વાતચીત કરતા પહેલા અમે કોઈ પમ બાબત જાહેર કરીશું નહીં. ભાજપ અથવા કોંગ્રેસ સાથે જોડાણ કરવાની કોઈ પણ શક્યતા નથી. આમ આદમી પાર્ટીના વડાએ માત્ર આટલુ જ કહ્યુ હતુ કે અમારુ વલણ અકબંધ છે. અગાઉ આમ આદમી પાર્ટીના નેતાએ કહ્યુ હતુ કે પાર્ટી દિલ્હીમાં સરકારની રચના કરી શકે છે. તાજેતરમાં જ યોજાયેલી દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં ત્રિશંકુ વિધાનસભાની સ્થિતિ સર્જાઈ હતી. કોઈ પણ પાર્ટીને બહુમતિ મળી ન હતી. ૭૦ સભ્યોની વિધાનસભામાં ભાજપને ૩૧ અને આમ આદમી પાર્ટીને ૨૮ બેઠક મળી હતી જ્યારે કોંગ્રેસને આઠ બેઠકો મળી હતી.

કોંગ્રેસમાં ટૂંકમાં જ ધરખમ સંસ્થાકીય ફેરફારના સંકેત

નવી દિલ્હી,તા.૧૩

ચાર રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીમાં કારમી હાર ખાધ્યા બાદ કોંગ્રેસ લીડરશીપ મોટાપાયે સંસ્થાકીય ફેરફાર કરવાની તૈયારીમાં છે. વર્ષ ૨૦૧૪માં યોજાનારી સામાન્ય ચૂંટણી માટે ચૂંટણી મેદાનમાં ઉતરતા પહેલા જુદા જુદા સ્તરે સંસ્થાકીય ફેરફારો કરવામાં આવનારછે. હાલમાં જ યોજયેલી ચૂંટણીમાં કોંગ્રેસનો સંપૂર્ણ સફાયો થયો હતો. દિલ્હી,રાજસ્થાન, છત્તીસગઢ અને મધ્ય પ્રદેશમાં ચૂંટણીમાં હાર ખાધ્યા બાદ આ તમામ રાજ્યોમાં કોંગ્રેસ લીડરશીપ રાજ્યના વડાઓને કોઈપણ સમયને બદલી નાંખે તેવી શક્યતા છે. ઉત્તરાખંડના રાજ્ય વડા ઉપર પણ તવાઈ આવી છે. કોંગ્રેસના સૂત્રોનું કહેવું છે કે પાર્ટી લીડરશીપે ઉત્તરાખંડના મુખ્યમંત્રી વિજય બહુગુણાને બદલવાનો પણ નિર્ણય કરવાની તૈયારી કરી લીધી છે.

વિજય બહુગુણાને આ નિર્ણયની જાણ પણ કરી દેવામાં આવી છે. માર્ચ ૨૦૧૨માં મુખ્યમંત્રી તરીકે બહુગુણાએ શપથ લીધા બાદથી અસંતોષને રોકવામાં બહુગુણાને સફળતા હાથ લાગી નથી. ફેરફાર માટે જે લોકોના નામ ચર્ચામાં છે તેમાં અધ્યક્ષ ગોવિંદસિંહ, પ્રધાન પ્રીતિમસિંહ, ઈન્દીરા રિદેશ, યશપાલ આરિયાનો સમાવેશ થાય છે. બીજી બાજુ પ્રીતમસિંહ અને ગોવિંદસિંહ તમામ કામગીરીને સ્વીકારવા માટે તૈયાર દેખાઈ રહ્યા છે. ઉત્તરાખંડમાં ટૂંક સમયમાં જ ફેરફાર કરવામાં આવનાર છે. દિલ્હી કોંગ્રેસના વડા જેપી અગ્રવાલ ઉપર પણ આક્ષેપોનો મારો ચાલી રહ્યો છે. રાજસ્થાન, છત્તીસગઢ, મધ્ય પ્રદેશમાં રાજ્યવડાઓને પણ સંસ્થાકીય ફેરફારના ભાગરૂપે ટૂંકમાં જ બદલી કાઢવામાં આવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે.

શાહરુખખાન ફરીથી મોસ્ટ પાવરફુલ સેલિબ્રિટી બન્યો

નવી દિલ્હી,તા. ૧૩

ફોર્બ્સ ઈન્ડિયા દ્વારા જાહેર કરવામાં આવેલી મોસ્ટ પાવરફુલ સેલિબ્રિટીની યાદીમાં બોલિવુડ સ્ટાર શાહરુખખાન પ્રથમ સ્થાને રહ્યો છે. શાહરુખખાન સતત બીજા વર્ષે ભારતમાં પ્રથમ ક્રમાંકે રહ્યો છે. આ વર્ષે રજુ થયેલી તેની ફિલ્મ ચેન્નઈ એક્સપ્રેસ બોક્સ ઓફિસ પર રેકોર્ડ સફળતા મેળવી લીધા બાદ શાહરુખખાનની લોકપ્રિયતામાં વધારો થયો છે. તેની કમાણીમાં પણ વધારો થયો છે. ૪૮ વર્ષીય શાહરુખખાન બાદ ભારતીય ક્રિકેટ કેપ્ટન મહેન્દ્રસિંહ ધોની આ યાદીમાં બીજા સ્થાને પહોંચી ગયો છે. ગયા વર્ષે તે ત્રીજા ક્રમાંકે હતો. જાહેરાતોની સમજૂતિ અને ક્રિકેટમાં તેની સતત લોકપ્રિયતાના પરિણામે તે બીજા ક્રમે આવી ગયો છે જ્યારે બોલિવુડ સ્ટાર સલમાન ખાન ગયા વર્ષે બીજા ક્રમાંકે હતો જે હવે ત્રીજા ક્રમાંકે પહોંચ્યો છે. ત્યારબાદ ચોથા ક્રમાંક પર

સચિનતેન્ડુલકર, પાંચમાં ક્રમાંક પર અમિતાભ છે. ટોપ પાંચની યાદીમાં અમિતાભ ગયા વર્ષે પણ પાંચમા સ્થાને હતો. છઠ્ઠા ક્રમાંક પર અક્ષયકુમાર છે. અભિનેત્રી કરિના કપૂર અને વિરેન્દ્ર સહેવાગ પણ આ યાદીમાં સ્થાન મેળવી શક્યા છે. રણબીર કપૂર આઠમાં અને રિતિક રોશન ૧૦માં ક્રમાંકે છે. ક્રિકેટ વિરાટ કોહલી આ વર્ષે ટોપ ટેનમાં પ્રવેશ કરનાર સૌથી યુવા સેલિબ્રિટી છે. ટોપ ટેનમાં સ્થાન મેળવનાર કેટરિના કેફ માત્ર મહિલા છે. રવિન્દ્ર જાડેજા, શિખર ધવન, રણવીરસિંહ, પ્રકાશ ઝાં પણ આ યાદીમાં સામેલ છે. આ યાદીમાં આશ્ચર્યજનકરીતે કમલ હસનને ખૂબ પાછળના ક્રમે સમાવેશ કરાયો છે. ગયા વર્ષે તે યાદીમાં સ્થાન મેળવી શક્યો ન હતો પરંતુ આ વર્ષે તે આ યાદીમાં ૪૭માં ક્રમાંકે છે. વિતેલા વર્ષોની સ્ટાર અભિનેત્રી શ્રીદેવી ૧૦૦ મોસ્ટ પાવરફુલ સેલિબ્રિટીની યાદીમાં ૭૩માં ક્રમાંક પર છે.

લાલુ યાદવને અંતે જામીન મળી ગયા

નવી દિલ્હી,તા.૧૩

આરજેડીના નેતા લાલુપ્રસાદ યાદવને આજે ખૂબ મોટી રાહત મળી હતી. કારણ કે સુપ્રીમ કોર્ટે ઘાસચારા કૌભાંડ કેસના સંદર્ભમાં લાલુ યાદવને જામીન આપી દીધા હતા. લાલુપ્રસાદ યાદવને આ કેસમાં તેમની સંડોવણી બદલ પાંચ વર્ષની જેલની સજા અને ૨૫ લાખ રૂપિયાની રકમના બેદંડ ફટકાર્યા હતા. સુપ્રીમ કોર્ટની બે જજની બનેલી બેંચ દ્વારા ભૂતપૂર્વ મુખ્યમંત્રીની જામીન અરજી ઉપર સુનાવણી ચલાવતી વેળા અગાઉ ૧૩મી ડિસેમ્બરની તારીખ નક્કી કરી હતી અને આજે સુપ્રીમ કોર્ટે ઘાસચારા કૌભાંડ કેસમાં લાલુ યાદવને જામીન આપી દીધા હતા. ચીફ જસ્ટિસ સથાશિવમ અને જસ્ટિસ રંજન ગોગઈની બનેલી સુપ્રીમ કોર્ટને બેંચે સીબીઆઈને નોટિસ આપી હતી. અગાઉ વરિષ્ઠ વકિલ રામજેઠમલાણીએ કોર્ટમાં કહ્યું હતું કે આ કેસમાં ૪૪ લોકોને અપરાધી ઠેરવવામાં આવ્યા હતા જે પૈકી ૩૭ લોકોને પહેલાથી જ જામીન

મળી ચૂક્યા છે. અન્ય છ લોકોની જામીન અરજીઓ પર સુનાવણી હાલ વિચારણા હેઠળ છે. લાલુના વકીલે એમ પણ કહ્યું હતું કે આરજેડીના વડા પહેલાતી જ જેલમાં પૂરતો સમય ગાળી ચૂક્યા છે. લાલુ યાદવ તપાસમાં અડચણ ઊભી કરે તેવી સ્થિતિમાં નથી. કારણ કે તપાસ પહેલાથી જ પૂર્ણ થઈ ચૂકી છે. ઝારખંડ હાઈકોર્ટના ચુકાદાને પડકાર ફેંકીને લાલુ યાદવે આજે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી. ઝારખંડ હાઈકોર્ટે તેમની જામીન અરજી ફગાવી દીધી હતી. લાલુ, બિહારના અન્ય ભૂતપૂર્વ મુખ્યમંત્રી જગનનાથ મિશ્રા અને અન્ય ૪૩ લોકોને ઘાસચારા કૌભાંડ કેસમાં ખાસ સીબીઆઈ કોર્ટ દ્વારા અપરાધી ઠેરવવામાં આવ્યા હતા. આરજેડીના શાસન દરમિયાન છાઈબેસા તિજોરીમાંથી ૩૭.૭ કરોડ રૂપિયાની કથિત ઉચાપત સાથે સંબંધિત ઘાસચારા કૌભાંડ કેસમાં આ તમામને સજા ફટકારવામાં આવી હતી. લાલુ યાદવને આ કેસમાં અપરાધી ઠેરવવામાં આવ્યા બાદ લોકસભામાંથી ગેરલાયક જાહેર કરાયા હતા. સાથે સાથે છ વર્ષ સુધી ચૂંટણી લડવાથી પણ રોકવામાં આવ્યા હતા. ઘાસચારા કૌભાંડ બિહારની સરકારી તિજોરીમાંથી ફંડની ઉચાપત સાથે સંબંધિત છે. લાલુ યાદવ જ્યારે બિહારના મુખ્યમંત્રી હતા ત્યારે ૧૯૯૬માં આ કેસનો પર્દાફાશ થયો હતો. લાલુ યાદવે ખરાબ આરોગ્ય હોવાની રજુઆત કરીને જામીનની માંગ કરી હતી. લાલુના વકીલે કહ્યુ હતુકે કાયદાકીય પ્રક્રિયા પોતાનીરીતે ચાલી શકે છે પરંતુ તેમના પર જે આક્ષેપ છે તે રાજકીય સ્વરૂપના છે. તેઓ રાજકીય વ્યક્તિ છે. ફરાર થઈ શકે નહીં. તેમની સામે તપાસ પૂર્ણ થઈ ચૂકી છે. લાલુ દલીલોના આધાર પર જામીન આપવામાં આવ્યા હતા. લાલુ હાલમાં ચૂંટણી લડી શકે તેવી સ્થિતિમાં નથી. પરંતુ લાલુ બહાર આવવાથી તેમની પાર્ટીને નવી તાકાત મળશે અને આવનાર ચૂંટણીમાં પાર્ટી નવા જોર સાથે મેદાનમાં ઉતરી શકશે. લાલુની ગેરહાજરીથી હાલમાં પાર્ટીમાં નેતૃત્વને લઈને સંકટ તોળાઈ રહ્યુ હતુ.

રેલવેમાં હજુય અઢી લાખ જગ્યા ખાલી છે

નવી દિલ્હી,તા.૧૩

ભારતીય રેલવેના તમામ ઝોનના જુદા જુદા વિભાગોમાં અઢી લાખથી વધુ જગ્યાઓ હજુ ખાલી છે. રેલવે રાજ્ય પ્રધાન અધિર રંજન ચૌધરીએ રાજ્યસભામાં એક પ્રશ્નના જવાબમાં કહ્યુ હતુ કે એપ્રિલ ૨૦૧૩ સુધી રેલવેના તમામ ઝોનમાં કુલ ૨૫૧૯૩૬ જગ્યાઓ ખાલી હતી. એપ્રિલ ૨૦૧૩ની સ્થિતિ મુજબ રેલવેમાં કુલ કર્મચારીઓની સંખ્યા ૧૩૧૧૯૫૯ હતી. એક અન્ય પ્રશ્નના જવાબમાં કાયદા પ્રધાન કપિલ સિબ્બલે કહ્યુ હતુકે પહેલી ડિસેમ્બર ૨૦૧૩ની સ્થિતિમાં જુદી જુદી કોર્ટમાં ૨૫૮ જગ્યાઓ જજની ખાલી હતી. દરમિયાનઆજે રાજ્યસભામાં ભાવવધારાને લઈને ભારે હોબાળો મચી ગયો હતો અને કામગીરી મોકુફ કરવામાં આવી હતી. જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવમાં વધારાને લઈને સમાજવાદી પાર્ટીએ હોબાળો મચાવ્યો હતો.

૧૫ પૈકી ૬ એશિયન દેશો

વિશ્વમાં બ્લેકમની મુદ્દે એશિયન દેશો આગળ

બ્લેકમનીની દુનિયાના ટોપના ૧૫ દેશોની યાદીમાં એશિયન દેશોની સંખ્યા ૬ જેટલી છે. આનો મતલબ એ થયો કે એશિયન દેશો બ્લેકમનીના મામલામાં આગળ નીકળી ગયા છે. આ છ એશિયન દેશોમાં ચીન, મલેશિયા, ભારત, ઈન્ડોનેશિયા, થાઈલેન્ડ અને ફિલિપાઈન્સનો સમાવેશ થાય છે. બીજી બાજુ આફ્રિકામાંથી બે દેશ નાઈઝિરિયા અને દક્ષિણ આફ્રિકા આમા સામેલ છે. યુરોપમાંથી ચાર દેશ જેમાં રશિયા, બેલારુસ, પોલેન્ડ અને સરબિયાનો સમાવેશ થાય છે. મેક્સિકો અને બ્રાઝિલ પણ આમાં સામેલ છે.

આંખે દેખ્યું આંદામાન (પાના નં. ૪ નું ચાલુ)

'અમે ખરીદી કર્યા વિના પણ ઘણું બધું મેળવી આવ્યા.' મેં કહ્યું.

'કંઇ દેખાતું તો નથી.' કહેતાં માનસી મારીસામે જોઇ રહી.

'દેખાય એવું તો સૌ લાવે. અમે જે લાવ્યા છીએ તે તમે જોઇ નહીં શકો, કારણ કે એ તો પેલા સંસ્કૃત સુભાષિતમાં કહેવાયું છે ને કે ચોર જેને ચોરી ન શકે, રાજા લઇ ન શકે ભાઇઓ તેમાં ભાગ પડાવી ન શકે, જેનો ભાર પણ ન લાગે તેવું અમે લઇ આવ્યા છીએ.'

'તો તો તમે કોઇ જ્ઞાન ગોષ્ઠિમાં ગયા હશો અથવા જ્ઞાન પ્રાપ્તિના કોઇ સ્થળે, મતલબ કે પુસ્તકાલય કે એવું કશુંક ખરૂં ને!' મીના એ કહ્યું.

'તારી વાત સાચી છે.' મેં કહ્યું.

'ભાભી તમને કઇ રીતે ખબર નહીં.' તેમની આદતો હું નહીં જાણું તો કોણ જાણશે. સારૂં પણ હવે ચાલો ઉપેન્દ્રભાઇ કહેતા હતા કે બપોર પછી આપણે નીકળવાનું છે. અમુક લોકોની ફ્લાઇટ સવારની હતી તે તો જતાં પણ રહ્યાં.

અમે સૌ મોટરમાં બેસી હોટલ તરફ રવાના થયાં. ત્યાં ફ્રેશ થઇ સામાન લઇ વિમાની મથકે જવા રવાનાં થઇ ગયા. એરલાઇન્સ ઇન્ડિયાના વિમાનથી ચેન્નાઇ અને ત્યાંથી ઇન્ડિગો એરલાઇન્ટ દ્વારા અમદાવાદ પહોંચવા અમે પ્રયાણ શરૂ કર્યું અને આંદામાનને કહ્યું બાય... બાય...

(સંપૂર્ણ)

સેન્સેક્સ વધુ ૨૧૦ પોઈન્ટ ઘટી ૨૦૭૧૬ની સપાટીએ

મુંબઈ,તા. ૧૩

આરબીઆઈ વ્યાજદરમાં વધારો કરવાની તૈયારીમાં છે તેવી અપેક્ષા વચ્ચે વેચવાલીનું મોજુ ફરી વળ્યુ હતુ. આજે કારોબારના અંતે સેન્સેક્સમાં ૨૧૦ પોઈન્ટનો ઘટાડો નોંધાયો હતો જેથી સેન્સેક્સ ૨૦૭૧૬ની સપાટીએ રહ્યો હતો. બીજી બાજુ નિફ્ટીમાં પણ મોટો ઘટાડો નોંધાયો હતો. આર્થિક સ્ટિમ્યુલસ મામલે અમેરિકી ફેડ નવી દિશામાં આગળ વધી શકે છે તેવી અપેક્ષાઓ વચ્ચે શેરબજારમાં મંદી રહી હતી.

આજે સતત ચોથા દિવસે મંદીનું મોજુ રહ્યુ હતુ. મૂડીરોકાણકારોએ ૭૫૦૦૦ કરોડની સંપત્તિ આજે ગુમાવી દીધી હતી. બીએસઈમાં કારોબાર પૈકી ૧૫૭૫ શેરમાં મંદી રહી હતી. આજે કુલ ૨૬૧૦ શેરમાં કારોબાર થયો હતો. સતત ચોથા સેશન્સમાં કડાકો જોવા મળ્યો હતો. સેન્સેક્સમાં ઘટાડો થવા માટે અન્ય કારણો પણ જવાબદાર દેખાઈ રહ્યા છે. ૩૦ શેર ઈન્ડેક્સમાં ૨૪ શેરમાં ઘટાડો રહ્યો હતો જેમાં આઈસીઆઈસીઆઈ બેંક, ભેલ અને તાતા પાવરનો સમાવેશ થાય છે. ચાર દિવસમાં સેન્સેક્સે ૬૧૧ પોઈન્ટ ગુમાવી દીધા છે. તાજેતરના સમયમાં વિધાનસભાની ચૂંટણી દરમિયાન શેરબજારમાં જે ઉછાળો નોંધાયો હતો તે તમામમાં ઘટાડો રહ્યો હતો. તેજી દરમિયાન જે ઉછાળો આવ્યો હતો તે પાછો ઘટી ગયો છે. આ સપ્તાહમાં બેરોમિટરે ૨૮૧ પોઈન્ટ ગુમાવ્યા છે. આઠમી નવેમ્બરના દિવસે પૂરા થયેલા સપ્તાહ બાદથી સૌથી મોટો ઘટાડો જોવા મળ્યો છે. ૧૨ સેક્ટરલ ઈન્ડેક્સ પૈકીના ૧૧માં મંદી રહી હતી. બેંકિંગ, કેપિટલ ગુડ્સ, અને રિયાલિટીના શેરમાં સૌથી ક્કોડી હાલત જોવા મળી હતી. રિટેલ ફુગાવાના આંકડા ગઈકાલે જારી કરાયા હતા. રિટેલ ફુગાવો નવ મહિનાની ઉંચી સપાટીએ પહોંચીને ૧૧.૨૪ સુધી પહોંચી ગયો છે. આરબીઆઈ ફુગાવાને ધ્યાનમાં લઈને વ્યાજદરમાં વધારો કરી શકે છે તેવું ચિત્ર ઉપસી રહ્યુ છે. પોલીસી રેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો વધારો થઈ શકે છે. ૫૦ શેર નિફ્ટીમાં ૬૯ પોઈન્ટનો ઘટાડો આજે નોંધાયો હતો જેથી નિફ્ટી આંક ૬૧૬૮ સુધી પહોંચી ગયો છે. સેક્ટરલ ઈન્ડેક્સની વાત કરવામાં આવે તો બેંકિંગ સેક્ટર ઈન્ડેક્સમાં સૌથી વધુ ૨.૨૫ ટકાનો ઘટાડો નોંધાયો હતો ત્યારબાદ પાવર ઈન્ડેક્સમાં ૨.૨૨ ટકા, રિયાલિટી ઈન્ડેક્સમાં ૨.૧૦ ટકા બીએસઈ કેપિટલ ગુડ્સમાં ૧.૮૬ ટકાનો ઘટાડો રહ્યો હતો. ગઈકાલના કારોબાર દરમિયાન અમેરિકી ડાઉજોન્સ ઈન્ડસ્ટ્રીયલ એવરેજમાં ૦.૬૬ ટકાનો ઘટાડો નોંધાયો હતો.

દિલ્હીમાં હુમલાની યોજના અંતે ફલોપ : આતંકવાદીની ધરપકડ

નવી દિલ્હી,તા.૧૩

રાષ્ટ્રીય પાટનગર દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં મોટા આતંકવાદી હુમલાની યોજના નિષ્ફળ બનાવી દેવામાં આવી છે. સંસદ પર ભીષણ આતંકવાદી આત્મઘાતી હુમલાની ૧૨મી વરસીના દિવસે જ દિલ્હી પોલીસે ચોક્કસ બાતમીના આધારે હરિયાણાના મેવાતમાંથી લશ્કરે તોયબાના એક કુખ્યાત આતંકવાદીની ધરપકડ કરી લીધી છે. ઝડપાઈ ગયેલા આતંકવાદીનું નામ મોહમંદ શાહિદ હોવાનું જાણવા મળ્યું છે. તેની પાસેથી પોલીસના કેટલાક કાગળો અને એક ફોન પણ કબજે કરવામાં આવ્યો છે. પોલીસે દરોડો પાડ્યો ત્યારે તેનો એક સાગરિત ઈમામ ફરાર થઈ જવામાં સફળ રહ્યો હતો. એવું જાણવા મળી શકે છે કે શાહિદ ઘણા લોકો સાથે સંપર્કમાં હતો. તેની પૂછપરછના આધારે વધુ તપાસ આગળ વધારવામાં આવી છે. પાકિસ્તાનમાં સક્રિય લશ્કરે તોયબાના કમાન્ડર જાવેદ બલુચીના તે સંપર્કમાં હતો અને દિલ્હીના ભરચક વિસ્તારમાં હુમલા કરવાની યોજના ઘરાવતો હતો. સંસદની ૧૨મી વરસીના દિવસે પોલીસને આ મુજબની મોટી સફળતા હાથ લાગી છે. આજના દિવસે જ સંસદ ઉપર આતંકવાદીઓએ સફેદ

એમ્બેસેડર કારમાં આવી પહોંચીને આતંક મચાવ્યો હતો. પાંચ આતંકવાદીઓએ અંધાધૂધ ગોળીબાર કર્યો હતો જેના કારણે દેશભરમાં ખળભળાટ મચી ગયો હતો. સંસદ પર હુમલો કરવામાં આવ્યો ત્યારે સંસદ સત્ર ચાલી રહ્યું હતું. જો કે આમા સહેજમાં તમામનો બાચાવ થયો હતો પરંતુ જવાનો શહીદ થયા હતા. ભારે રક્તપાત બાદ પાંચે આતંદવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. દિલ્હીમાં આતંકવાદી હુમલાની વરસીને ધ્યાનમાં લઈને પહેલાથી જ મજબૂત સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી હતી.

તમામ મોટા સ્થળો ઉપર સુરક્ષા વ્યવસ્થા હતી જેમાં મોટા મોલ, ધાર્મિક સ્થળો, રેલવે સ્ટેશનો, વિમાની મથક અને મોટા બજારનો સમાવેશ થાય છે. ૨૦૦૧ના દિવસે સંસદ ઉપર આ હુમલો કરવામાં આવ્યો હતો જેના કારણે ભારત અને પાકિસ્તાન વચ્ચે તંગદિલી ચરમસીમાએ પહોંચી ગઈ હતી અને યુદ્ધની સ્થિતિ સર્જાઈ ગઈ હતી. આના કારણે ભારત અને પાકિસ્તાન વચ્ચેના તમામ સંબંધો તૂટી ગયા હતા. આ હુમલામાં પાંચ આતંકવાદી સહિત ૧૨ લોકો માર્યા ગયા હતા જ્યારે અન્ય ૧૮ લોકો ઘાયલ થયા હતા. જ્યારે સંસદ પર હુમલો કરવામાં આવ્યો ત્યારે વાજપેયીના નેતૃત્વમાં ભાજપ સરકાર કેન્દ્રમાં હતી. વાજપેયી સરકારે તાત્કાલિક ધોરણે કઠોર પગલાં લીધા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે સંસદ પર હુમલાના અપરાધી અફઝલ ગુરુને થોડાક સમય પહેલાં જ ફાંસી આપવામાં આવી હતી. જેને લઈને પણ દેશભરમાં હોબાળો થયો હતો પરંતુ અફઝલ ગુરુને ફાંસી આપીને કઠોર પગલાં લેવાનો સંકેત સરકારે આપ્યો હતો. પ્રતિબંધિત સંગઠનમાં બે સંગઠનોએ આ હુમલાને અંજામ આપ્યો હોવાની બાબત ખુલી હતી. હરિયાણામાં ઝડપાયેલા આતંકવાદી પાસેથી અન્ય કોઈ દસ્તાવેજો મળી આવ્યા છે કે કેમ તે અંગે હજુ સુધી માહિતી મળી શકી નથી પરંતુ પોલીસ દ્વારા ગુપ્ત રીતે તપાસ કરવામાં આવી રહી છે.